# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

==========================================================================

**અખબારી યાદી** ૨૪-૧૨-૨૦૨૪

આજ રોજ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા **પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ સરકાર ઉપર આક્ષેપ મૂકતા જણાવ્યુ હતું કે ' કુછ દિન તો ગુજારો ગુજરાત મે ' જેવી જાહેરાતો પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરો છો અને બીજી બાજુ ગરીબ નાવિકો અને નાની ખાણી પીણીની વેપાર કરનાર ગરીબ લોકોની રોજગારી છીનવો છો. ગુજરાત નું સૌથી મોટું વેટલેન્ડ અને પ્રતિષ્ઠિત રામસર સાઈટ તરીકે પ્રસ્થાપિત નળસરોવરમાં હરની કાંડ બાદ નાવડીઓ પર પ્રતિબંધ મૂકી દીધો છે.** ૫૦૦ થી વધુ નાવિકોના પરિવારનું ગુજરાન તે નળસરોવરમાં બોટિંગ ઉપર આધારિત હતું. ૧૨૦ કિલોમીટર થી વધુ વિસ્તારમાં ફેલાયેલા નળસરોવરમાં ગત વર્ષે ૩,૨૦,૦૦૦ થી વધુ અને ૧૪૦ થી વધુ પ્રજાતિના વિદેશી પક્ષીઓ આવ્યા હતા. ગત વર્ષે ૬૧૦૦૦ થી વધુ પ્રવાસીઓ અને પક્ષી પ્રેમીઓ દ્વારા પક્ષીઓનું અવલોકન અને પ્રવાસ માણવામાં આવ્યો હતો.

ફ્લેમિંગો, પેલિકન, વાઈટ સ્ટોર્ક , સાઇબેરીયન ક્રેન, એશિયન ઓપનબિલ જેવા અનેક વિદેશી પક્ષીઓ દૂર દૂર યુરેશીયા, રશિયા, ચીન જેવા દેશો માંથી શિયાળાના સમય દરમિયાન ગુજરાતના અલગ અલગ વેટલેન્ડમાં પોતાનું ઘર બનાવે છે. **નળસરોવરમાં બોટિંગના પ્રતિબંધ થી ત્રણ તાલુકા બાવળા, વિરમગામ અને લીંબડી તાલુકા ના ૧૫ ગામડાના રોજગારને સીધી અસર થાય છે. અમદાવાદ જેવા મહાનગરમાં કોર્પોરેટ ક્રૂઝને મંજૂરી આપી ચલાવી શકાય તો ગરીબ નાવિકો ને શું કામ નહિ?** નળસરોવરમાં બનેલ નાના બેટો ઉપર મહિલાઓ અને ત્યાંના ગરીબ ખેડૂત પરિવારો ઢાબામાં દેશી ગુજરાતી વાનગી જેમ કે બાજરાના રોટલા, માખણ, લસણની ચટણી, રીંગણ ના ભરથા જેવી વાનગીઓ દેશ વિદેશના પ્રવાસીઓને પીરસતા અને જેથી તેમનું ગુજરાન ચાલતું હતું. આસપાસ ના ગામોના ગરીબ લોકોનું ગુજરાન નળસરોવરની આજુબાજુમાં ખાણી પીણીની હાટડીઓ અને ઘોડે સવારી કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા. પેહલા ઘોડા પર રોક અને હવે બોટિંગ પર રોક થી ત્યાંના મોટી સંખ્યામાં ગ્રામજનો ની રોજગારી ઉપર ગંભીર અસર પડી છે. ખારાશવાળી જમીન અને સિંચાઇની અપૂરતી વ્યવસ્થાના લીધે ગ્રામજનોનું ગુજરાન તે સંપૂર્ણ પણે પ્રવાસીઓ ઉપર આધારિત હતું. ત્રણ ચાર મહિનાના કારોબાર ઉપર આખું વર્ષ ગ્રામજનોનું ગુજરાન ચાલતું હતું. **આ નિર્ણયના લીધે દૂર દૂર થી આવતા પ્રવાસીઓ, પક્ષી પ્રેમીઓ, વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફર, વિધાર્થીઓ સહીતના લોકો આ પર્યટન સેવા થી વંચિત રહેશે અને માત્ર નળસરોવરનો કિનારો જોઈ પાછા વળવું પડશે, જ્યારે વિદેશી પક્ષીઓ ને જોવા માટે બોટ સુવિધા થી વંચિત રેહવું પડશે. નળસરોવર રોડ ઉપર બનેલા કેટલાક રિસોર્ટસને ઘટતા પ્રવાસન થી નુકશાની ભોગવવી પડશે.** નળસરોવર સુધી પોહોચવાના રસ્તા બિસ્માર હાલતમાં છે તેથી પર્યટકોએ હલકી ભોગવવી પડે છે. સરકાર ઈકો ટુરિઝ્મ ની ગુલબાંગો પોકારે છે ત્યાં બીજી બાજું ગરીબ ગામડા ના લોકો ના રોજગાર છીનવાય રહ્યા છે.પર્યટન ની સુરક્ષા ની ચિંતા હોય તો ત્યાં લાઈફ જેકેટ, તરવૈયાની વ્યવસ્થા ની જવાબદારી સરકારની હોવી જોઇએ અને કરવી જોઈએ. સરકાર ગરીબ ગ્રામીણ લોકો ની રોજગારી ની ચિંતા કરી ચોક્કસ એસ.ઓ.પી તૈયાર કરી અને પર્યટકો ને હાલાકી ના પડે તેવી વ્યવસ્થા ઉભી કરે. સરકાર ના નિર્ણય થી થયેલ અવ્યવસ્થા થી કરોડો રૂપિયા ના વેપાર અને ગ્રામીણ લોકો ના રોજગાર ઉપર ગંભીર અસર પડશે.

**( પાર્થીવરાજસિંહ કઠવાડીયા)**
**પ્રવક્તા**
**Mob : 9426001599**